GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

# સમીક્ષા : "રેતીનો માણસ"- અજય સોની

પ્રતીકકુમાર ભીખાભાઇ ભોઈ, રિસર્ચ ફેલો
અનુસ્નાતક ગુજરાતી વિભાગ,
સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
Email:- pratikbhoi1508@gmail.com, (મો). ૭૨૦૨૯૮૬૮૪૫

દસમા દાયકામાં વાર્તાકાર કિરીટ દૂધાત 'આવ્યો રે જમાનો વાર્તાનો !' કહીને પોતાનો હરખ વ્યક્ત કર્યો હતો. અત્યારે સ્થિતિ જુદી છે, નવમા અને દસમા દાયકામાં જે રીતે ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાંથી વાર્તાકારોનો એક વેગવાન પ્રવાહ આવ્યો તે અત્યારે ક્ષીણ થવા જઈ રહ્યો છે. જોકે વાર્તાના નામે ઘણું બધું લખાઈ રહ્યું છે, પરંતુ આવનારા સમય માટે આશા બંધાય એવા જૂજ નામો જ છે. એમાનું એક નામ અજય સોની છે. જેમની વાર્તાઓ કેટલાંક વર્ષોથી ધ્યાન ખેંચી રહી છે. વાર્તાકલાની સૂઝ અને કચ્છના પ્રદેશ-વિશેષની છાંટને કારણે તેઓ નોખા દેખાઈ આવે છે. તેમણી આ વાર્તાકળાને કારણે તાજેતરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા "યુવા ગૌરવ પુરસ્કાર(ગુજરાતી ભાષા) વર્ષ ૨૦૨૪ એનાયત થયેલ છે.

૨૧ નવેમ્બર ૧૯૯૧ના રોજ જન્મેલા અજય સોની આમ તો અર્થશાસ્ત્રમાં સ્નાતક છે. વળી વ્યવસાયે સોની છે. એટલે એક સુવર્ણકારની ચોકસાઈ, ધીરજ અને નકશીકામના કૌશલ્યોનો ઉપયોગ તેમણે વાર્તાકલામાં પણ કર્યો છે. ' વાછંટ', 'ગળામાં અટવાયેલી તરસ', 'રેતીનો માણસ', 'ક્લૉક ટાવર' અને 'ચામાચીડિયાં' જેવી વાર્તાઓ સર્જકની વાર્તાકલાના નમૂના છે.

જેની વાર્તાઓને વિનેશ અંતાણીએ " ચળકતાં રેતકણ જેવી વાર્તાઓ" કહી છે તેવા સર્જકનું ગુજરાતી વાર્તાક્ષેત્રે સક્રિય યુવાસર્જકોમાં અજય સોનીનું નામ ઉલ્લેખનીય છે. એમની વાર્તાઓ પ્રતિષ્ઠિત

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

સામયિકોમાં અને વિવિધ વાર્તાસંપાદનોમાં સ્થાન પામતી રહી છે. અજયનો પ્રથમ વાર્તાસંગ્રહ 'રેતીનો માણસ' એમની વાર્તાસર્જન પ્રત્યેની નિષ્ઠાનો પરિચય કરાવે છે.

અજય કચ્છના વતની છે. ડૉ. જયંત ખત્રી પછી ગુજરાતીમાં લખતા કચ્છના વાર્તાકારોની નવી પેઢી આવી ગઈ છે. આ વાર્તાકારોની ઘણી વાર્તાઓમાં કચ્છ પ્રત્યક્ષ કે પરોક્ષ ડોકાય છે. ખત્રી પછીની પેઢીના કચ્છના વાર્તાકારોની વાર્તાઓના વિષયવસ્તુ, પાત્રોનાં મનોસંચલનો અને શૈલીમાં સ્વાભાવિક એવા પરિવર્તન આવ્યા છે. દૃષ્ટિકોણ અને અભિગમ બદલાયા છે,પાત્રોના મનની ભીતર ઊતરવાનું વલણ વધ્યું છે.

અજય સોનીની વાર્તાઓ પણ તે દિશામાં ગતિ કરે છે. એમની વાર્તાઓમાં કચ્છની કુદરતી વિષમતાઓ સામે ઝઝૂમતાં પાત્રોનાં સંઘર્ષ, વેદના, લાચારીની પડછે એમના મન પર થતી ઊંડી અસર તપાસવાનું વલણ દેખાય છે. એમની કચ્છની ભૂમિ પર આકાર લેતી વાર્તાઓમાં પાત્રોનાં એકલતા, વિષાદ, ખાલીપાના સંવેદનશીલ સંદર્ભો જોડાય છે.

કચ્છના રણમાં જોરદાર પવન ફૂંકાય ત્યારે દિવસો સુધી રેતીનું અંધડ આવે. કચ્છના અન્ય વાર્તાકારોની વાર્તાઓમાં આવી ગયેલી આવી સ્થિતિને અજય સોની 'રેતીનો માણસ'' વાર્તામાં અલગ રીતે જૂએ છે. એમણે રેતીનું તોફાન લાવતા પરિબળને રેતીના માણસ તરીકે કલ્પ્યો છે. વયોવૃદ્ધ રતીમા કહે છે : "દૂરના મેદાનના છેડેથી રેતીનો માણસ આ બાજુ આવી રહ્યો છે. એ આપણા જેવા કેટલાય કાફલાઓને ગળી ગયો છે. બધા એનાથી ડરે છે. કેમ કે બધાને જીવવું છે.' આખી વાત માનવ અસ્તિત્વ સામે તોળાયેલી મહાભયાનક વાસ્તવિકતામાં પરિવર્તિત થાય છે. વાર્તામાં આગળ જતાં સમજાય છે કે રેતીના માણસથી ડરીને ભાગવાનો કોઈ અર્થ નથી. કચ્છના રણવાસીઓ માટે રેતીનું તોફાન બાહ્ય

ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

પરિબળ નથી, તે એમની સાથે જ જોડાયેલી વિષમતાનું આંતરિક તત્ત્વ બની ગયું છે. એનાથી દૂર ભાગવાના બધા જ પ્રયત્ન નિષ્ફળ જવાના છે.

"રેતીનો માણસ" એ માત્ર એક વાર્તા નથી, પરંતુ વિસ્થાપન, ઓળખ અને અસ્તિત્વની વેદનાને રજૂ કરતું એક માર્મિક કલ્પન છે. વાર્તાકાર અત્યંત સંવેદનશીલતાથી એક એવી કોમની કથા કહે છે જેનું જીવન રેતી સાથે જોડાયેલું છે અને અંતે તે રેતીમાં જ વિલીન થઈ જાય છે. વાર્તાનો આરંભ એક કાફલા (વાંઢ)ના ભય અને અનિશ્ચિતતાના માહોલથી થાય છે. રતીમા નામની વયોવૃદ્ધ સ્ત્રી બાળકોને એક એવી વાત કહી રહી છે જે વાર્તા કરતાં ભવિષ્યવાણી વધુ લાગે છે:

"ઉઠ પગ સડે, પીપર પન ખરે, ન પંખો હોલો, ન વુઈ સૈ નાથ..." .

આ ભયનું કારણ છે "રેતીનો માણસ" – એક એવું વિનાશક બળ જે તેમની વસાહતોને ગળી રહ્યું છે . આ રેતીના માણસથી બચવા માટે આખો કાફલો, સરદારના નેતૃત્વમાં, પોતાની જન્મભૂમિ, પોતાનો ખારાપાટ છોડીને એક અજાણી દિશામાં સ્થળાંતર કરવા મજબૂર બને છે. ઘણા દિવસોની મુસાફરી પછી, તેઓ લીલાછમ ડુંગરો અને દરિયાકિનારાવાળા પ્રદેશમાં પહોંચે છે.તેમને લાગે છે કે તેમણે રેતીના માણસને હરાવી દીધો છે અને હવે એક નવું જીવન શરૂ થશે. પરંતુ વાર્તાનો અંત અત્યંત અણધાર્યો અને ભયાવહ છે. નવા પ્રદેશમાં ઉજવણી કરતા કાફલાના લોકો એક પછી એક રેતીની જેમ ખરવા લાગે છે અને અંતે રતીમા પોતે પણ રેતી બનીને વિખેરાઈ જાય છે .અહીં "રેતીનો માણસ" શીર્ષક સાર્થક ઠરે છે. તે માત્ર બહારથી આવતું કોઈ રેતીનું તોફાન કે રાક્ષસ નથી, પરંતુ એ કાફલાના લોકોના અસ્તિત્વનો જ એક ભાગ છે. તેઓ પોતે જ રેતીના બનેલા માણસો છે. પોતાની મૂળભૂમિથી વિખૂટા પડતાં જ તેમની ઓળખ અને અસ્તિત્વનું વિસર્જન થઈ જાય છે.

અહીં આ વાર્તામાં આપેલા પાત્રોની વાત કરીએ તો મુખ્યપાત્ર રતીમા વાર્તાના કેન્દ્રમાં છે. તે માત્ર એક પાત્ર નથી, પરંતુ સમગ્ર કાફલાની ચેતના અને ડહાપણનું પ્રતીક છે. તે જાણે છે કે રેતીનો

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

માણસ કોઈ બહારનો દુશ્મન નથી, પણ તેમની પોતાની જ નિયતિ છે. તે કહે છે, "એ રેતીનો રાક્ષસ નથી. એ આપણી જેમ જ રેતીનો માણસ છે" . તેમનું પાત્ર ભવિષ્યને પારખી શકનાર દ્દષ્ટા છે, જે જાણે છે કે આ પલાયન નિરર્થક છે. તો બીજું પાત્ર સરદારનું છે, જે એક જવાબદાર અને મજબૂત નેતા છે, પરંતુ પ્રકૃતિની વિકરાળતા સામે તે લાચાર છે. તેનામાં પોતાની કોમને બચાવવાની તડપ છે, પણ રતીમાની જેમ તે ગૂઢ સત્યને સમજી શકતો નથી. તેની લાચારી માનવીય સંઘર્ષનું ઉત્તમ ઉદાહરણ છે. અન્ય પાત્રોમાં બાળકો છે, જે નિર્દોષતા અને આશાનું પ્રતીક છે. શરૂઆતમાં તેઓ પથ્થરોથી રેતીના માણસને હરાવવાની વાત કરે છે , જે પ્રકૃતિ સામે માનવના બાલિશ પ્રયત્નોને દર્શાવે છે. નવા પ્રદેશમાં તેમનો ઉત્સાહ ક્ષણિક સુખનો ભ્રમ પેદા કરે છે.

વાર્તાનો કેન્દ્રવર્તી વિચાર **પ્રતીકાત્મકતા** વિસ્થાપનની પીડા અને ઓળખના સંકટ પર આધારિત છે. **“ મૂળિયાંથી ઉખડી જવાની વેદના”** વાર્તા સ્પષ્ટપણે કહે છે ? કે વ્યક્તિ કે સમુદાયનું અસ્તિત્વ તેની ભૂમિ, તેના વાતાવરણ અને તેની સંસ્કૃતિ સાથે કેટલું ગાઢ રીતે જોડાયેલું છે. "જ્યાં આયખું વીત્યું હતું એ વાંઢને રેતીમાં સમાતી છોડીને જવાનું હતું" જેવી પંક્તિઓ આ દર્દને વાચા આપે છે. બીજી રીતે કહીએ તો **“ પ્રકૃતિ અને માનવ”** વાર્તા પ્રકૃતિના પ્રકોપ સામે માનવની તુચ્છતા અને લાચારીને ઉજાગર કરે છે. રેતીનો માણસ એ રણના વિસ્તરણ કે ક્લાઈમેટ ચેન્જ જેવી વૈશ્વિક સમસ્યાનું પણ પ્રતીક હોઈ શકે છે, જે માનવ વસાહતોને ગળી રહી છે. વાર્તાની અંદર **“ ભ્રમ અને વાસ્તવિકતા” જેવી સ્થિતિ જ્યારે** લીલા ડુંગરો અને દરિયો એ સુખ અને સલામતીનો ભ્રમ છે. રતીમા આ ભ્રમને ઓળખી જાય છે અને કહે છે, "આ ટાઢો વાયરો ક્યારે જાકારો દે કેવાય નઈ. ધુનું પાણી ક્યારે રેતી થઈ જાય કાંય ભરોસો નઈ" . વાસ્તવિકતા એ છે કે તેઓ રેતીના જીવો છે અને પાણી તથા લીલોતરીના વાતાવરણમાં તેમનું અસ્તિત્વ શક્ય નથી.

લેખકે કચ્છી બોલીના શબ્દો જેવા કે ભુંગા, વાંઢ, ખારાપાટ, આયખું વગેરેનો પ્રયોગ કરીને વાર્તાને એકદમ જીવંત અને વાસ્તવિક બનાવી છે. વાતાવરણનું વર્ણન અત્યંત કાવ્યાત્મક અને સચોટ છે. "ઊંડા ઊતરી ગયેલા આંખના ડોળામાં તળાવના ખાલી તળિયા જેવા ચીરા પડી ગયા હતા" જેવી કલ્પનાશીલ ઉપમાઓ વાચકના મન પર ઊંડી અસર છોડી જાય છે. વાર્તાનો અંત વાસ્તવિકતામાંથી અચાનક જ પરાવાસ્તવમાં સરી પડે છે, જે વાચકને સ્તબ્ધ કરી દે છે અને વાર્તાના ગહન મર્મને વધુ ધારદાર બનાવે છે.

આ વાર્તામાં, "રેતીનો માણસ" કોઈ વાસ્તવિક વ્યક્તિ કે રાક્ષસ નથી, પરંતુ તે એક બહુપક્ષીય રૂપક છે જે નીચે મુજબની બાબતોનું પ્રતિનિધિત્વ કરે છે " પ્રકૃતિની વિનાશક શક્તિ" રેતીનો માણસ એ મુખ્યત્વે રણના પ્રચંડ અને નિર્દય સ્વરૂપનું પ્રતીક છે. તે રણના વિસ્તરણ, રેતીના તોફાનો ('અંધડ') અને તેના કારણે થતા વિનાશનું જીવંત સ્વરૂપ છે· વાર્તામાં ઉલ્લેખ છે કે તે કાફલાઓને ગળી જાય છે અને આખી વસાહતો ('વાંઢો') ને રેતીમાં સમાવી દે છે બીજી બાબત "વિસ્થાપન અને સ્થળાંતરનું દુઃખ" વાર્તાના અંતમાં આપેલ મુજબ, "રેતીનો માણસ" એ વિસ્થાપિત અને સ્થળાંતર થયેલા નિરાશ્રિતોની મનોદશાને ઉજાગર કરે છે. તે એ અદૃશ્ય શક્તિ છે જે લોકોને તેમની મૂળ જગ્યા, તેમની ઓળખ અને સંસ્કૃતિ છોડવા માટે મજબૂર કરે છે. આ પાત્રો પોતાના ઘરને રેતીમાં સમાઈ જતું છોડીને જાય છે, જે આધુનિક સમયમાં વિકાસ અથવા કુદરતી આફતોને કારણે થતા સ્થળાંતરના દુઃખને દર્શાવે છે.આમ ત્રીજી બાબતની વાત પાત્રોની મનોદશાની " અનિવાર્ય પરિવર્તન અને મૃત્યુ" રતીમા અને સરદાર જેવા પાત્રો સમજે છે કે રેતીના માણસથી લડી શકાતું નથી. તે એક એવું પરિવર્તન છે જેનો સામનો કરવો અશક્ય છે. વાર્તાના અંતમાં, જ્યારે પાત્રો નવી જગ્યાએ પહોંચીને આનંદ માણી રહ્યા હોય છે, ત્યારે રતીમાને ભ્રમ થાય છે કે તે પોતે અને બીજા બધા રેતીના બનેલા છે અને ધીમે ધીમે ખરી રહ્યા છે. આ દૃશ્ય સૂચવે છે કે વ્યક્તિ ભૌતિક રીતે ભલે રણથી દૂર જતી રહે, પરંતુ રણ અને તેની ઓળખ તેમની અંદરથી ક્યારેય જતી નથી. તે માનવ જીવનની નશ્વરતા અને અંતે પ્રકૃતિમાં ભળી જવાનું પણ

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 2
March - April: 2026

પ્રતિક છે.આમ પાત્રોની અંદર “આંતરિક ભય અને અસ્તિત્વનો સંઘર્ષ” બાળકો માટે રેતીનો માણસ એક રાક્ષસ છે જેને પથ્થર મારીને ભગાડી શકાય છે. પરંતુ મોટાઓ માટે, તે એક અજાણ્યો ડર છે જે તેમના અવાજને રૂંધી નાખે છે. તે જીવનના એ સંઘર્ષનું પ્રતીક છે જે દેખાતો નથી પણ સતત અનુભવાય છે, જેની સામે લડવું મુશ્કેલ છે. આમ, રેતીનો માણસ એ કોઈ એક વ્યક્તિ નથી, પરંતુ કુદરતી વિનાશ, સ્થળાંતરની પીડા, અનિવાર્ય પરિવર્તન અને માનવ અસ્તિત્વના ઊંડા સંઘર્ષનું એક સશક્ત પ્રતીક છે.

"રેતીનો માણસ" એ સ્થળાંતર અને વિસ્થાપનની સમસ્યાને એક નવા અને તાત્વિક દૃષ્ટિકોણથી રજૂ કરે છે. આ વાર્તા એવા નિરાશ્રિતોની મનોદશાને વાચા આપે છે જેઓ ભૌતિક રીતે બચી જાય તો પણ સાંસ્કૃતિક અને અસ્તિત્વના સ્તરે મૃત્યુ પામે છે. તે એક સાર્વત્રિક કથા છે જે આપણને યાદ અપાવે છે કે આપણી ઓળખ આપણા મૂળિયાંમાં છે, અને એ મૂળિયાંથી અલગ થવું એ રેતીની જેમ વિખેરાઈ જવા બરાબર છે.

**સંદર્ભ ગ્રંથ :-**

- સોની,અજય(પ્રથમ આવૃતિ:૨૦૨૦) ‘રેતીનો માણસ’ ડિવાઈન પબ્લિકેશન્સ અમદાવાદ.